BRAMPTON
Flower City
brampton.ca

Service and Information Update

10 ઑક્ટોબર 2018

# 2018 બ્રૅમ્પટન નગરપાલિકા ચૂંટણી માટે ત્રાહિત પક્ષના જાહેરાતકર્તાનું રજિસ્ટ્રેશન ઑક્ટોબર 19ના રોજ બંધ થશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો – કોઈપણ વ્યક્તિ, કોર્પોરેશન કે ટ્રેડ યુનિયન જેઓ પ્રસારણ, પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અથવા અન્ય માધ્યમમાં કોઇ ઉમેદવારને પ્રોત્સાહિત કરવા, ટેકો આપવા અથવા વિરોધ કરવા માટે જાહેરાત કરવા ઈચ્છતા હોય તેઓએ ઑક્ટોબર 19, 2018ને સાંજે 4:30 પહેલા સીટીમાં નોંધણી કરાવવી આવશ્યક છે.

રજિસ્ટ્રેશન માહિતી અને આવશ્યક ફોર્મ ઑનલાઇન તેમજ બ્રૅમ્પટન સીટી હૉલ ખાતેના સીટી ક્લર્કના કાર્યાલય પર ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશન કામકાજના રાબેતાના સમય દરમિયાન રૂબરૂ (અથવા એજન્ટ દ્વારા) ફાઇલ કરવાના રહેશે.

અરજદારોએ રજિસ્ટ્રેશન માટે લાયકાતના પુરાવા આપવાના રહેશે અને ફક્ત મૂળ દસ્તાવેજો સ્વીકારાશે. ફેક્સ કરેલ અથવા અન્ય ઈલેક્ટ્રોનિક આવૃત્તિઓની પરવાનગી નથી. નોટિસ ઓફ રજિસ્ટ્રેશન ફાઇલ કરતા પૂર્વે ત્રાહિત પક્ષના જાહેરાતકર્તાઓ નાણાનો ખર્ચ નહીં કરશે અથવા તો નાણા પ્રાપ્ત કરી શકશે નહીં. ત્રાહિત પક્ષ જાહેરાતો એવા ઉમેદવારના દિશાસૂચન હેઠળ નહીં હોય જેમનું નામાંકન ફાઇલ થઈ ચૂક્યું હોય.

ઑનલાઇન www.brampton.ca/bramptonvotes પર રજિસ્ટર થયેલ ત્રાહિત પક્ષના જાહેરાતકર્તાઓની યાદી ઉપલબ્ધ છે.

-30-

**મિડિયા સંપર્ક :**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા રિલેશન્સ
સીટી ઓફ બ્રામ્પટન
905.874.3654 | natalie.stogdill@brampton.ca